# શાંતિ અને સમરસતા માટેનું શિક્ષણ : આંતરરાષ્ટ્રીય પરિપેક્ષ્યમાં

**ગૌરાંગ આર. પટેલ**
રીસર્ચ સ્કોલર, ગુજરાત યુનિવર્સીટી નવરંગપુરા, અમદાવાદ.
9429600622 E-Mail: gaurangpatel903@gmail.com

સાંપ્રત સમયમાં રાષ્ટ્ર અને વિશ્વમાં અશાંતિ વ્યાપ્ત છે. તેથી જ તો રાષ્ટ્રીય શિક્ષણની નવી નીંતિ (૧૯૮૬) માં રાષ્ટ્રીય એકતા બિનસાંપ્રદાયિકતા, વિશ્વબંધુત્વ, સમાનતા માટેના શિક્ષણ પર ભાર મુકવામાં આવે છે. સૌના લોહીનો રંગ એક જ છે, દરેક ધર્મના પાયાના સિદ્ધાંતો પણ એક જ છે. માનવજાત એક કુટુંબ છે, આપણી પાસે બે જ માર્ગો છે. એક બુધ્ધ અને બીજો યુધ્ધનો ત્રીજો વિકલ્પ નથી. હિરોસીમા અને નાગાસાકી જેવા શહેરો પર ફેંકવામાં આવેલા અણું બોમ્બ ભવિષ્ય માટેની ચેતવણી ઓછી નથી ! આ સમજ માનવજાતના હૃદયની કેળવણી સિવાય શી રીતે સંભવી શકે ? નવો વિશ્વસમાજ શોષણ પર નહિ, ભાગીદારીની ભાવના પર જ નભી શકશે. જો હવે ભાઇઓની માફક સાથે મળીને જીવતાં નહીં શીખીએ તો જરૂર આપણે મૂર્ખાઓની માફક સાથે મળીને મરીશું ! રાષ્ટ્રપ્રેમ અને વિશ્વપ્રેમ પરસ્પર વિરોધી બાબત નથી. ટાગોરે સાચુ જ કહ્યું છે કે, “સાચી દેશભક્તિ વિશ્વપ્રેમની જનની છે.’’ શાંતિ સ્થાપવા માટે વિશ્વના દેશોએ શાંતિ અને સલામતી સ્થાપવા માટે બીજા વિશ્વયુધ્ધ બાદ યુ.એન. (United nations) ની સ્થાપના કરવામાં આવી. યુ.એન. પણ વિશ્વમાં ત્રીજુ વિશ્વયુધ્ધ ન થાય અને વિશ્વ નિઃશસ્ત્રીકરણ તરફ જાય તેવા જાગૃત પ્રયાસો કરે છે. આજની પેઢીના માનસમાં ધિક્કાર, અવિશ્વાસ, અસંવેદનશીલતા જેવા મૂલ્યોનું પ્રમાણ વધતુ જાય છે. જેના લીધે વૈશ્વિક અશાંતિના બીજ રોપાય છે. આથી વૈશ્વિક પરિસ્થિતિથી વિદ્યાર્થીઓને વાકેફ કરી શાંતિ માટેના શિક્ષણની ખૂબ જ જરૂરીયાત છે. આપણે બધા એક જ છીએ અને એક જ ધરતી પર જન્મેલા છીએ. આ વિશ્વ એક કુટુંબ છે એવી ભાવના વર્તમાન પેઢીમાં પ્રસ્થાપિત કરવા શિક્ષણના ક્રમમાં શાંતિ માટેનું શિક્ષણ અનિવાર્ય બન્યુ છે. વિશ્વની પ્રજા એકબીજા પર કેવી રીતે આધારિત છે અને તેના કારણો અને વિશ્વના તમામ ધર્મો પ્રત્યે લાગણી વિદ્યાર્થીઓમાં જન્માવી પડશે શિક્ષણના અભ્યાસક્રમ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય શાંતિ અને સમરસતા માટેની સમજ કેળવી શકાય.

“If we have no peace,
It is because we have forgotten
that we belong to each other”

મધર ટેરેસાના આ વાક્ય પરથી કહી શકાય કે દેશમાં શાંતિ માટે ભાઇચારો અને એકબીજાનો સાથ સહકાર ખુબ જરૂરી છે. વિશ્વની પ્રજાઓ પરસ્પરાવલંબી છે. વિશ્વના રાષ્ટ્રો એકબીજાના સહકારથી પોતાની ભૌતિક જરૂરિયાતો સંતોષી શકે છે. આમ, પોતાની જીવન જરૂરિયાતો સંતોષવા માટે એકબીજા પર આધાર રાખવો પડે છે. આથી વિશ્વમાં શાંતિ અને ભાઇચારો અનિવાર્ય છે વિશ્વમાં માનવજાત પર તોળાઇ રહેલી યુધ્ધની આંધીને ખાળવા માટે વિશ્વમાં શાંતિ માટેના શિક્ષણની ખુબજ જરૂરિયાત છે. સંકુચિત રાષ્ટ્રવાદના અનેક ભયાનક પરિણામો આવે છે. સંકુચિત રાષ્ટ્રવાદ માંથી બચવા માટે પણ વિશ્વમાં શાંતિ અને સમરસતા માટેનું શિક્ષણ જરૂરી છે. વિશ્વ છેલ્લી એક સદીમાં બે વિશ્વ યુધ્ધોએ સર્જેલા મહાવિનાશક યુધ્ધ નિહાળ્યુ છે. દેશ–દેશ વચ્ચેના ઝઘડાઓ પતાવવા અને વિશ્વના દેશો શાંતિમય જીવન જીવી શકે અને સ્વવિકાસ સાધી શકે તેવા આશયથી યુ.એન.ની સ્થાપના કરવામાં આવી છે.વિશ્વમાં શાંતિ સમરસતા અને અલ્પવિકસિત રાષ્ટ્રોને આર્થિક મદદ કરવા માટે આ સંસ્થાની વિશિષ્ટ કામગીરી છે. વિશ્વમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સમરસતા કેળવવા માટે શિક્ષણ મોટો ફાળો આપી શકે છે. શિક્ષણ દ્વારા બાળકની વૈચારિક ક્ષિતિજો વિસ્તારી બાળકમાં વિશ્વ શાંતિના સનાતન મુલ્યોને જાગૃત કરી શકાય છે. શિક્ષણના અભ્યાસક્રમ અને સહુ અભ્યાસ પ્રવૃતિઓ દ્વારા બાળકોને આંતરરાષ્ટ્રીય શાંતિ સદભાવના અને સમરસતાના રંગે રંગી શકાય છે.

**સંશોધન પદ્ધતિ :**

આ સંશોધનપત્રમાં શાંતિ અને સમરસતા માટેના શિક્ષણ ને આંતરરાષ્ટ્રીય પરિપેક્ષ્યમાં વિચારો રજૂ કરવા માટે સંશોધકે વિષયવસ્તુ વિશ્લેષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિમાં શાંતિ અને શિક્ષણ નાં જુદા જુદા પુસ્તકોનો અભ્યાસ કરી વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

**શાંતિનું શિક્ષણ શા માટે? :**

આજે સમગ્ર વિશ્વમાં શસ્ત્રોની દોટ ચાલી રહી છે. જાણે કે માણસ મરવા માટે ઉતાવળો બન્યો છે. જે રીતે રાષ્ટ્રો ખુબ મોટી રકમ લશ્કરની પાછળ ખર્ચે છે એ રીતે જાણે કે, માણસ જાતે પૃથ્વી પરના વિનાશને મુખ્ય અગ્રતા આપવાનું નક્કી કર્યુ છે! આજના અવકાશ અને અણુયુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ અનેક આશિર્વાદ આપ્યા છે તો સમસ્યાઓ પણ ખુબ સર્જી છે. આજે વિશ્વમાં માનવજાત ગરીબી, બેકારી, વસ્તીવિસ્ફોટ, વિશ્વયુધ્ધનો ભય, પર્યાવરણની અસમતુલા અને એકાંકીપણુ જેવી સમસ્યાઓ ઉભી છે. આ હિંસા દૂર ત્યારે જ થાય જ્યારે વિશ્વમાં શાંતિ સ્થાપી શકાય. વિશ્વશાંતિ સ્થાપવા માટે આવનારી પેઢીમાં શાંતિ અને સમરસતાનાં શિક્ષણની તાતી જરૂરિયાત છે. આજની વૈશ્વિક પરિસ્થિતીમાં એક બુધ્ધનો અને બીજો યુધ્ધનો એમ બે માર્ગ છે. આપણે બુધ્ધનો માર્ગ ઇચ્છતા હોઇએ તો શાંતિ અનિવાર્ય છે. યુનેસ્કોના આમુખમાં લખ્યુ છે કે “since wars begin in the minds of men, it is the minds of men that the defences of peace

must be constructed." દેશના લોકોમાં માનવતા ન્યાય, સ્વતંત્રતા અને શાંતિ માટેનું શિક્ષણ ખુબજ અનિવાર્ય છે. અને આ જરૂરિયાત બધા રાષ્ટ્રોએ પારસ્પરિક સહાય અને સંબંધના જુસ્સા સાથે પુરી કરવી જોઇએ એ તમામ રાષ્ટ્રના નાગરિકની પવિત્ર ફરજ છે. આમ, વિશ્વશાંતિ માટે યુધ્ધને નાબુદ કરવા માટે અને શાંતિનું રક્ષણ આજની ઉગતી પેઢીમાં હૃદય સુધી પહોંચે તેના માટે શાંતિ માટેના શિક્ષણની જરૂરિયાત છે. શાંતિ માટેના શિક્ષણની અનિવાર્ય શરત છે. સહકાર અને નિ:શસ્ત્રીકરણ .

**સહકાર અને નિ:શસ્ત્રીકરણ શા માટે?**

આલ્બર્ટ આઇનસ્ટાઇને કહ્યું હતુ કે, ત્રીજુ વિશ્વયુધ્ધ અણુબોમ્બથી લડાશે, તો ચોથું વિશ્વયુધ્ધ પથ્થર અને કુહાડીઓથી લડાશે. કારણ કે તે વખતે હાલનું કશું જ બચ્યુ નહી હોય.

બીજા વિશ્વયુધ્ધમાં ભયંકર વિનાશ આપણે જાપાનના હિરોશિમા અને નાગાસાકી શહેરોમાં જોયો. ૧૯૪૫ ની છઠ્ઠી ઓગસ્ટે હિરોશિમા શહેર પર માનવસંહાર માટે "લિટલબોય" નામનો અણુબોમ્બ નાખવામાં આવ્યો હતો. જેમાં આ શહેરના ઘડીના છઠ્ઠા ભાગમાં ચાર લાખથી વધુ લોકો મર્યા હતા. વિશ્વના માનવ ઈતિહાસમાં આનાથી કાળો દિવસ બીજો ક્યો હોઇ શકે? ત્રણ દિવસ બાદ અમેરીકાએ "ફ્રેટમેન" બોમ્બ નાગાશાકી શહેર ઉપર ફેંકી ક્રૂરતાનું ભયંકર સ્વરૂપ પ્રદર્શિત કર્યુ આજે અમેરિકા અને રશિયા પાસે આ "લિટલબોય" અને "ફ્રેટમેન" બોમ્બ કરતાય વિનાશક બોમ્બ બનાવી ચુક્યા છે. અમેરિકા પાસે આ સાથે પચાસ શહેરોનો વિનાશ થઇ શકે તેવા શક્તિશાળી બોમ્બ છે.

આટલી ભયંકર વિનાશની તૈયારી આ પુર્વે ક્યારેય નહોતી થઇ ! આજે વિશ્વ પાસે એટલી વિનાશક શક્તિ છે કે ત્રીજુ વિશ્વયુધ્ધ કરવાની હિંમત કોઇ કરી શકે તેમ નથી.એટલે તો બોમ્બ બનાવનારા અને વાપરનારા બંન્ને કહે છે કે, વિશ્વયુધ્ધ નહિ થાય તેનું કારણ બોમ્બ છે. ત્રીજુ વિશ્વયુધ્ધ થશે તો કોઇ હારનાર કે કોઇ જીતનાર નહી હોય. બધા જ હારેલા હશે. સર્વનાશજ આનું પરિણામ છે. જો હવે ભાઇઓની માફક સાથે મળીને જીવતાં નહીં શીખીએ તો જરૂર આપણે મુર્ખાઓની માફક સાથે મળીને મરીશું. આમ વિશ્વને તમામ રાષ્ટ્રોએ પરસ્પર સહકાર અને નિઃશસ્ત્રીકરણ તરફ લઇ જવો પડશે. આમ હવે દરેક દેશ એકબીજા સાથે સહકારથી જીવવાનો સમય આવી ગયો છે. રશિયા અને અમેરિકા જેવા મોટા દેશો શસ્ત્રોની દોટ ઉપર કાબુ મુકી કેટલાક શસ્ત્રો નષ્ટ કરવા તરફ જઇ રહ્યા છે. તે વિશ્વશાંતિ માટે સારી નિશાની છે.

વિશ્વના દેશોએ આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીની સ્થાપના કરવા અને શાંતિને અવરોધરૂપ હોય તેવી બાબતોને અટકાવવા કે દુર કરવા ૨૪ ઓકટોબર ૧૯૪૫ ના રોજ યુ.એન. (United nations) ની સ્થાપના કરવામાં આવી હતી. યુ.એન. પણ વિશ્વમાં ત્રીજું વિશ્વયુધ્ધ ન થાય અને વિશ્વ નિઃશસ્ત્રીકરણ તરફ જાય તેવા જાગૃત પ્રયાસો કરે જ છે.

આપણે આપણા વિદ્યાર્થીઓને આ વૈશ્વિક પરિસ્થિતિની વાકેફ કરી એ તો શાંતિ માટેના શિક્ષણનો પાયો રચી શકાય.

**શાંતિ અને મૂલ્યોની વૃધ્ધિ :**

આજની વર્તમાન પરિસ્થિતિ જોતા રાજકારણ એ ધિક્કાર, ઈર્ષા, અવિશ્વાસ માનવીય મૂલ્યોનું અવમુલન, અસંવેદનશીલતા, પાપભીરૂકતામાં સબડે છે. સત્તાના રાજકારણનું જ વર્ચસ્વ જોવા મળે છે. ધિક્કાર, સાઠમારી, સ્પર્ધા, આક્રમણો અને મોટાં યુધ્ધો લોકમાનસમાં ખોટા વલણોનું નિરૂપણ કરે છે. આક્રમક સ્વાર્થ, મહત્વાકાંક્ષા, સંકુચિત દ્રષ્ટિકોણ, રાષ્ટ્રીયતાનો અતિરેક આ બધા દૂષણો માનવીના મનમાં ઘર કરી ગયા છે. આપણે આ દૂષણો દૂર કરી શાંતિ સ્થાપી નવાં મૂલ્યો પ્રસ્થાપિત કરવા પડશે. એ માટે માનવજાતમાં સર્વગ્રાહી દ્રષ્ટિકોણનાં મૂલ્યો વિકસે તે જરૂરી છે. આપણો દરેક નાગરિકની વિચારવાની દ્રષ્ટિ વિશાળ બનાવીએ, પૂર્વગૃહ અને પક્ષપાત વિના જોવાની દ્રષ્ટિ વિકસાવીએ, આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવીએ તો અવશ્ય મૂલ્યોની વૃધ્ધિ થાય.

આપણે દરેક એક જ છીએ એવી ભાવના વિકસાવીએ તો જ શાંતિ શકય બને તેથી તો મહર્ષિ રવીન્દ્રનાથ ટાગોર કહે છે કે,"આપને બધા એક ધરતી પર જન્મેલા,એક જ માટીનાં બનેલા, એક જ આલોકથી આલોકિત થયેલાં છીએ એટલે બાહ્યરૂપથી ભલે ગમે તેટલી ભિન્નતા અને ભેદ દેખાય પણ સૌ એક જ એવા બ્રહ્મના અંશ છીએ" આમ આપણે સૌ એક છીએ તેવી ભાવના સૌમાં વિકસે તો તિરસ્કાર અને ધિક્કાર અવશ્ય દૂર થાય ડૉ. રાધાકૃષ્ણ કહે છે, "આપણે જર્મન, અમેરિકન કે રશિયન હોઈએ, પરંતુ મૂળભૂત રીતે આપણે માનવી છીએ આ પાયની વાત આપણે કદી ન ભૂલીએ ચાલો આપણે એક વિશ્વસમાજમાં જીવતાં શીખીએ".

**તારણ :**

આજે વિશ્વમાં શાંતિની જરૂરીયાત અનિવાર્ય બની ગઈ છે. વિશ્વમાં શાંતિ સ્થાપવા માટે યુદ્ધોને નાબૂદ કરવા આજની ઉગતી પેઢી કે જે આવતી કાલનો નાગરિક છે તેને શાળા મહાશાળા કક્ષાએ અપાતા શિક્ષણ સાથે વૈશ્વિક શાંતિ માટેનું શિક્ષણ આપવું જોઈએ. શાળા મહાશાળાઓમાં વિશ્વના તમામ રાષ્ટ્રો પરસ્પર સહકાર અને નિઃશસ્ત્રીકરણ તરફ એકબીજાના સહકારથી જીવન જીવે તેવા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. આવા સંસ્કારોનું સિંચન થાય તેવો શિક્ષણનો ઉદેશ્ય હોવો જોઈએ. વિશ્વમાં ધર્મ,જાતિ,વર્ણ અને સંપ્રદાયનાં નામે સતત અજંપો અને અશાંતિ જોવા મળે છે. આ દૂષણો દૂર કરી શાંતિ સ્થાપી નવા મૂલ્યો પ્રસ્થાપિત કરવા પડશે. આ નવા મૂલ્યો પ્રસ્થાપિત કરવા માટે વિશ્વશાંતિ માટેનું શિક્ષણ ખૂબજ અનિવાર્ય છે.શાળા મહાશાળા કક્ષાએ વૈશ્વિક શાંતિ માટે કેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું, તેને કેવું જ્ઞાન આપવું તે ખુબ જરૂરી છે. આ નિરાકરણ તેના વિચારો, ટેવ અને કાર્યોમાં પરિણમેં તો જ શાંતિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત થાય. શાંતિ ગુણની પેદાશ

મનમાંથી પેદા થાય છે. મનના ક્ષેત્રને ફળદ્રુપ બનાવી બધાને માફ કરવાની ભાવના શાંતિની જનની છે.

**સમાપન :**

આમ હવે આપણા સમગ્ર શિક્ષણના ક્રમમાં શાંતિ અને સમરસતા માટેનું શિક્ષણ અનિવાર્યપણે આપણે ઉમેરવુ પડશે વિશ્વની પ્રજાઓ એકબીજા પર કઇ રીતે આધારિત છે. તેનાં કારણો અને વિશ્વના તમામ ધર્મો પ્રત્યે સન્માનની લાગણી વિદ્યાર્થીઓમાં જન્માવી પડશે. જાપાનમાં બાલમંદિરથી જ શાંતિ માટેના શિક્ષણની જોગવાઇ છે, આપણે પણ એ માટે મથીએ.

**સંદર્ભ :**


Bajaj, M. (2008).Encyclopediya of peace Education. Charlotte: information Age publishing.

Danesh, H. B. (2006). Towards an integrative theory of peace education. Journal of peace education.

UNESCO:(1994).UNESCO"S culture of peace programme (leaflet)

www.peacefromharmony.org

શાસ્ત્રી જયેન્દ્ર દવે : **કેળવણીનાં તાત્વિક આધારો**,યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ.

શાસ્ત્રી જયેન્દ્ર અને અન્ય : **શિક્ષણની તાત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ,** બી.એસ. શાહ પ્રકાશન. અમદાવાદ.

દેસાઈ ધનવંતભાઈ,શાહ ગુણવંત : **શિક્ષણ ની વર્તમાન ફિલસુફીઓ,** અનડા પ્રકાશન, અમદાવાદ.

શાહ બુદ્ધિચંદ્ર અને શાહ કૌશલ્ય : **શિક્ષણનું સમાજશાસ્ત્ર,** યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ



**"શિક્ષણ દર્શન"** માટેનું લવાજમ મોકલવાનું સરનામું :-

**શ્રી અરવિંદભાઈ એલ મહેતા**

૫, પ્રીતિ ડુપ્લેક્ષ, આનંદવન કોમ્પલેક્ષ પાસે,

સુભાનપુરા, **વડોદરા- ૩૯૦૦૨૩**

**૧** વર્ષનું લવાજમ –**૧૨૦ રૂ.**

**૩** વર્ષનું લવાજમ –**૩૩૦ રૂ.**

**૫** વર્ષનું લવાજમ –**૫૫૦ રૂ.**